ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૨૩ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૧૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 123 • Dt. 12-12-2024 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

એડલ્ટ કન્ટેન્ટ કેસમાં ઈડીએ અભિનેત્રી ગેહાના વશિષ્ઠની લાંબા સમય સુધી પૂછપરછ કરી



P.07

બોલિવુડ ટોલીવુડ સ્ટાર મોહન બાબુના પુત્રએ પોલીસમાં ફરિયાદ નોંધાવી

દિલ્હીમાં ઓટો ચાલકોને મળશે ૧૦ લાખ રૂપિયાનો વીમો । દીકરીના લગ્ન ઉપર ૧ લાખ રૂપિયા



07

**12**
DECEMBER- 2024
THURSDAY



07

હિમવર્ષા, વરસાદ અને ઠંડીનું મોજુ દિલ્હી સહિતના રાજ્યોમાં તીવ્ર ઠંડી

### અતિકુપોષિત ટોપ ૧૦ જિલ્લાઓમાં ગુજરાતના ૫ જીલ્લાઓ

# વિકાસ પુરુષના દેશમા ૩૩ લાખ બાળકો કુપોષિત અને વિકાસ મોડલ ગુજરાત ટોપ ઉપર : કોંગ્રેસ

**નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૫ મુજબ ભારતના સૌથી કુપોષિત જિલ્લાનો એક સર્વે મુજબ દેશમા કુલ અતિકુપોષિત ટોપ ૧૦ જિલ્લાઓમાં ગુજરાતના ૫ જીલ્લાઓ ડાંગ ૫૩.૧% ટકા અને દાહોદ ૫૩% સહિત,નર્મદા, પંચમહાલ અને તાપી છે**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૧।

૨૦૧૪ પછી મોદી સરકારે કોંગ્રેસની મધ્યાહન ભોજન યોજનાનુ નામ બદલીને પીએમ પોષણ યોજના કર્યુ પણ રાજયમા કુપોષિત બાળકોની વધતી સંખ્યા ઉપર કોઈ ઠોસ કામ ન કર્યુ અને એટલે તેમા સતત વધારો થયો.. આજે વિશ્વમાં કુપોષણનો સામનો કરી રહેલા ૮૨ કરોડ લોકોમાંથી ૨૨ કરોડ લોકો ભારતમાં છે અને ભારતમાં ૩૩ લાખ બાળકો કુપોષિત છે તેમાં અડધાથી વધુ અતિ ગંભીર કુપોષિત છે, જેમા ડબલ એન્જીન ધરાવતુ ગુજરાત ટોચ પર છે.૨૦૧૮ મા અન્નત્રિવેણી યોજના અંતર્ગત ૧૪ આદિજાતી જીલ્લામાં અભ્યાસ કરતા બાળકોના માતા-પિતાને અનાજ આપવાની અને દૂધ સંજીવની યોજના અંતર્ગત શાળાના



બાળકોને દુધ આપવાની યોજના શરુ કરી પરંતુ રાજ્યમા કુપોષિત બાળકોની સંખ્યા વધી રહી છે.એ સ્પષ્ટ કરે છે આ યોજનાઓ માત્ર કાગળ ઉપર ચાલે છે,જનતા સામે માત્ર ડ્રામા થઈ રહ્યો છે.નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૫ મુજબ ભારતના સૌથી કુપોષિત જિલ્લાનો એક સર્વે મુજબ દેશમા કુલ અતિકુપોષિત ટોપ ૧૦ જિલ્લાઓમાં ગુજરાતના ૫ જીલ્લાઓ ડાંગ ૫૩.૧% ટકા અને દાહોદ ૫૩% સહિત,નર્મદા, પંચમહાલ અને તાપી છે. અને આ સુપોષિત ટોપ ૧૦ જીલ્લામા ગુજરાતનો એકપણ જિલ્લો આવ્યો નથી. આમ આ આદીવાસી જીલ્લાઓમા સરકારે કરેલા કામોનો કરુણતા ભરેલો વહીવટી હિસાબ છે. અને માર્ચ ૨૦૨૨માં સંસદમા રજુ કરે મંત્રીશ્રી ઈરાનીએ નેશનલ ફેમિલી હેલ્થના સર્વે કહે છે ગુજરાત ૩૯.૭ ટકા બાળકોમાં સૌથી વધુ કુપોષિત છે, દેશમા ગુજરાત સૌથી ઉપર આવ્યું હતુગુજરાત કોંગ્રેસના પ્રવકતા મનહર પટેલની કેન્દ્ર અને રાજ્ય સરકાર સામે માંગ છે કે ગુજરાતમા આદિવાસી વિસ્તારના જીલ્લાઓમા કુપોષણથી થતા "સિકલ સેલ એનિમીયા" રોગથી પિડીત દર્દીઓ સૌથી વધુ સંખ્યા અને વધી પણ રહી છે.
















લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


### પોલીસની રાજ્યની અલગ અલગ આર ટી ઓમાં ૭૭૦૦ જેટલા વાહન ચાલકોના લાયસન્સ રદ્દ કરવાની માંગ

# ચાલુ વર્ષે ઓવરસ્પીડમાં વ્હીકલ ચલાવનાર ૧ લાખ વાહનચાલકોને ફટાકારાયો મેમો

### બેફામ ડ્રાઇવીંગ કરીને નિર્દોષ લોકોના જીવને જોખમમાં મુકનાર વાહનચાલકો સામે પોલીસએ હવે લાલ આંખ કરી

। પ્રતિનિધિ,અમદાવાદ, તા.૧૧ ।

શહેરમાં વધી રહેલ ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતોની સંખ્યા પોલીસ માટે જાણે કે એક પડકાર બની ગઈ છે. જો કે ટ્રાફિકના નિયમનનો ભંગ કરનાર અને બેફામ ડ્રાઈવીંગ કરીને નિર્દોષ લોકોના જીવને જોખમમાં મુકનાર વાહનચાલકો સામે પોલીસએ હવે લાલ આંખ કરી છે. જે વાહન ચાલક અકસ્માત સર્જે છે. અથવા તો વારંવાર ટ્રાફિકના નિયમનો ભંગ કરતો હોવાનું જાણવા મળે છે તો પોલીસ દ્વારા તેના લાયસન્સ રદ કરવા સુધીની પણ કાર્યવાહી કરાવમાં આવી રહી છે.



પોલીસે રાજ્યની અલગ અલગ આર ટી ઓમાં ૭૭૦૦ જેટલા વાહન ચાલકોના લાયસન્સ રદ કરવા માટેની જાણ કરી છે. અકસ્માત સર્જીને નિર્દોષ વ્યક્તિઓના જીવ લેનાર વાહન ચાલકનું લાયસન્સ રદ કરવામાં આવે છે, પરંતુ હવે જે લોકો હેલ્મેટ પહેર્યા વગર વાહન ચલાવે છે અને તેને ત્રણ મેમો ઈશ્યુ કરવામાં આવ્યા, વારંવાર રોંગ સાઈડમાં વાહન ચલાવતા પકડાય તો તેવા વાહનચાલકોના લાયસન્સ પણ રદ કરવામાં આવી રહ્યાં છે. જો કે સ્પીડમાં વાહન હંકાવીને લોકોના જીવને જોખમમાં મુકનાર વાહનચાલકોને પણ પાઠ ભણાવવાનું પોલીસએ શરૂ કર્યું છે. ચાલુ વર્ષે પોલીસ દ્વારા સ્પીડમાં વાહન ચલાવતા વાહનચાલકોને વધુમાં વધુ મેમો આપવામાં આવી રહ્યાં છે. ગત વર્ષે સ્પીડમાં વાહનચલાવવા બદલ પોલીસએ ૪૬ હજાર વાહનચાલકો સામે કાર્યવાહી કરી હતી.જો કે ચાલુ વર્ષે તે આંકડો બમણો થઈ ગયો છે. એટલે કે ચાલુ વર્ષે પોલીસએ ઓવર સ્પીડમાં વાહન ચલાવતા ૧ લાખ જેટલા વાહનચાલકો સામે કાર્યવાહી કરી છે. આવા વાહનચાલકોને પકડવા માટે ટ્રાફિક વિભાગ પાસે ૩૪ જેટલી સ્પીડ ગન છે. જેમાંથી ૫ સ્પીડગન ટ્રાફિકના ઈન્ટરસેપ્ટ વાહનમાં ઈનબીલ્ટ છે. જો કે પોલીસના આ પ્રયત્નથી ક્યાંકને ક્યાંક અકસ્માતોની સંખ્યામાં ચોક્કસથી ઘટાડો પણ જોવા મળી રહ્યો છે. ગત વર્ષે ૪૬૫ જેટલા ફેટલના બનાવો હતાં. જ્યારે ચાલુ વર્ષે આ બનાવની સંખ્યા જોતા તે ૩૪૮ જેટલી છે. જેમાં ૧૧૭ જેટલો ઘટાડો જોવા મળ્યો છે.

જ્યારે સીરીયસ અકસ્માતની સંખ્યા જોઈએ તો ગત વર્ષે ૫૯૮ જેટલા બનાવો હતા. જ્યારે ચાલુ વર્ષે ૬૪૨ જેટલા બનાવો બન્યા છે. અને માઈનોર અકસ્માતની સંખ્યામાં ચાલુ વર્ષે ૨૯ જેટલો ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે હિટ એન્ડ રન કેસમાં પણ ૨૦૨૩ના વર્ષમાં ૪૦ હિટ એન્ડ રનની ઘટના હતી જેમાં ૬૬ લોકોના મોત નિપજ્યા હતા અને ૭૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે ૨૦૨૪માં નવેમ્બરના માસ સુધી ૧૨૧હિટ એન્ડ રન ની ઘટના છે. જેમાં ૫૩ લોકોના મોત અને ૬૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પોલીસના કડક વલણથી અકસ્માત કેસોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

ટ્રાફિક વિભાગના જેસીપી એન.એન.ચૌધરીએ જણાવ્યું હતુ કે તાજેતરમાં ટ્રાફિક વિભાગ દ્વારા એ આઈ સીસ્ટમથી પણ મેમો આપવાની શરૂઆત કરી છે.

## ગુજરાતના જાણીતા ગાયક કલાકાર પર લાકડી અને તલવારથી હુમલો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૧ ।

ગુજરાતના જાણીતા ગાયક અને ભાજપ નેતા વિજય સુવાળા પર અજાણ્યા શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. કારમાં આવેલા શખ્સોએ લાકડી અને તલવારથી ભાજપ નેતા વિજય સુવાળા પર હુમલો કરતા સાત શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે. માહિતી તો એવી પણ મળી રહી છે કે વિજય સુવાળા પર હુમલા પહેલા ફોન કરીને ધમકી આપવામાં આવી હતી. ત્યારબાદ વિજય સુવાળાની કારને આંતરીને કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. આ ઘટનામાં મળતી માહિતી મુજબ અમદાવાદના ઝુંડાલની પાસે આવેલા અગોરા મોલ જોડે ગુજરાતના જાણીતા ગાયક વિજય સુવાળાની કારને કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા ઘેરવામાં આવી હતી. ત્યારબાદ તલવાર-લાકડીઓ લઈને વિજય સુવાળા પર હુમલો કરવામાં આવ્યો છે. અચાનક આ ઘટના બનતા વિજય સુવાળાએ પોલીસને ફોન કરીને મદદ માંગી હતી.

## ખરેડી જીઆઇડીસીમાંથી નકલી તેલ ઝડપાયુ, ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

। પ્રતિનિધિ, દાહોદ, તા.૧૧ ।

ગુજરાતમાં નકલી ખાદ્ય પદાર્થ મળવાનો સિલસિલો યથાવત છે. ત્યારે દાહોદમાંથી નકલી કર્મચારી, નકલી એનએ બાદ હવે નકલી ખાદ્ય તેલ ઝડપાયુ છે. લોકોના આરોગ્ય સાથે ચેડા થતા અટાકવવામાં માટે દાહોદ એસઓજીએ કડકડ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દાહોદ એસઓજીએ બાતમીના આધારે દાહોદના ખરેડી જીઆઈડીસી ખાતે આવેલા ન્યુ બાબાજી એન્ટર પ્રાઈઝ નામના કારખાનામાં દરોડા પાડ્યા હતા. જ્યાંથી પામોલીન તેલ સહીત નકલી ખાદ્ય પદાર્થનો જથ્થો ઝડપાયો હતો.પોલીસે કારખાનામાંથી અલગ અલગ બ્રાન્ડના તેલના પાઉચ, સ્ટીકરો સહિત અન્ય મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. મળતી માહિતી અનુસાર પોલીસે ૧ લાખ ૧૭ હજાર રુપિયાનો તેલનો સહિત ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેમજ કારખાના માલિક વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## એસીબીએ સરકારી વકીલને ૨૦ લાખની લાંચ લેતો રંગેહાથ ઝડપ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાતમાંથી અવારનવાર લાંચિયા અધિકારીઓ ઝડપાતા હોય છે. આવી જ ઘટના ફરી એક વાર અમદાવાદમાં બની છે. અમદાવાદમાં સરકારી વકીલ લાંચ લેતા ઝડપાયો છે. સરકારી વકીલ ૨૦ લાખની લાંચ લેતા ઝડપાયો છે. જેમાં છઝમ્એ ૩ આરોપી લાંચ લેતા ઝડપી પાડ્યા હતા.કઠલાલ સિવિલ કોર્ટના વકીલ રાજેન્દ્ર ગઢવીએ લાંચ માગી હોવાનું સામે આવ્યુ હતુ. ફરીયાદી પાસે ૫૦ લાખ લાંચની માગણી કરી હોવાનું સામે આવ્યુ છે. ૨૦ લાખ એડવાન્સ પેટે આપવાનું નક્કી થયુ હતુ. લાંચ લેનાર ૨ વચેટીયાને છઝમ્એ ઝડપી પાડ્યા હતા. મેટ્રો કોર્ટના વકીલ સુરેશ પટેલ અને વિશાલ પટેલ પણ ઝડપાયા છે.બીજી તરફ આ અગાઉ પંચમહાલના ગોધરાની મજૂર અદાલતમાં ચોંકાવનારી ઘટના બની હતી. ચાલુ કોર્ટમાં ન્યાયાધીશને અરજદાર દ્વારા લાંચ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બંધ કવરમાં ૩૫ હજારની રકમ આપવાનો અરજદારે પ્રયાસ કર્યો હતો.

## જામનગરમાં જામજોધપુરમાં મિત્રતાના નામે દગો આપી દુષ્કર્મ આચર્યું

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૧ ।

મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ ની વતની ૧૯ વર્ષ ની એક યુવતી મૂળ રાજકોટ પંથકના એક શખ્સ ની સાથે મિત્રતા કેળવ્યા પછી તેની હવસનો શિકાર બની હતી. જામનગરના જામજોધપુરમાં ૧૯ વર્ષીય યુવતી પર દુષ્કર્મની ઘટનાને પગલે ચકચાર મચી છે. જેમાં યુવતીને મિત્રતાને નામે દગો આપીને દુષ્કર્મ આચરવામાં આવ્યું ગતું. આ યુવતી મુળ દ્વારકાના ભાણવડની રહેવાસી છે.જામજોધપુર પંથકની આ યુવતી સાથે મિત્રતા કર્યા બાદ તેની સાથે આરોપીએ દગો કર્યો હતો. બાદમાં તેને પોતાની વાસનાનો શિકાર બનાવી હતી.તપાસમાં આરોપી રાજકોટનો હોવાનું બહાર આવ્યું છે. આ યુવકે યુવતી સાથે મિત્રતા કેળવી હતી. બાદમાં તેને એક અઠવાડિયા સુધી વેરાવળ ગામની સીમમાં આઠ દિવસ સુધી દુષ્કર્મ આચર્યું હતું. જામજોધપુરમાં ૧૯ વર્ષીય યુવતી પર દુષ્કર્મની ઘટનાને પગલે ચકચાર મચી છે.

## સાઉથની સુપરહીટ ફિલ્મ પુષ્પા-૨ માં ક્ષત્રિયોનું અપમાન પર કરણી સેના ભડકી

। પ્રતિનિધિ, સુરત, તા.૧૧ ।

સાઉથની બહુચર્ચિત ફિલ્મ પુષ્પા-૨ તેની રિલીઝ બાદથી વિવાદોમાં ઘેરાયેલી છે. ત્યારે પુષ્પા-૨ ફિલ્મને લઈને ક્ષત્રિય કરણી સેનાનો વિરોધ સામે આવ્યો છે આ ફિલ્મની અંદર ભવરસિંહ શેખાવત નામનું એક પાત્ર મૂકવામાં આવ્યું છે. આ પાત્રને ખૂબ જ ખરાબ રીતે રજૂ કરવામાં આવ્યું છે. તેથી કરણ સેનાના રાજ શેખવતે રાજપૂતોને અપીલ કરી કે, ફિલ્મ મેકર્સ જ્યાં દેખાય ત્યાં જ તેને મારવામાં આવે. પુષ્પા-૨ ફિલ્મમાં લગાવત નિમ્ન કક્ષાની ટિપ્પણી સાથે શેખાવત શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સાઉથ સ્ટાર અલ્લુ અર્જુનની ફિલ્મ ‘પુષ્પા ૨’ સિનેમાઘરોમાં ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મને માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં બોક્સ ઓફિસ પર જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. અલ્લુ અર્જુનની લીડ રોલવાળી ફિલ્મ ‘પુષ્પા ૨’માં ફહાદ ફાસીલ નેગેટિવ રોલમાં જોવા મળે છે અને તેના પાત્રનું નામ ભંવર સિંહ શેખાવત છે. હવે આ ફિલ્મમાં વિલનની સરનેમ શેખાવતે કરણી સેનાને નારાજ કરી દીધી છે અને તેઓએ મેકર્સને ધમકી પણ આપી છે. કરણી સેનાના નેતાએ ફિલ્મ ‘પુષ્પા ૨’માં ફેરફાર કરવા કહ્યું છે અને જો તેમ નહીં કરવામાં આવે તો માર મારવાની ધમકી આપી છે.

### ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા ડ્રાઇવરો સામે પગલાં લેવા માટે

# અમદાવાદ પોલીસ હવે એઆઇ કેમેરાથી પકડશે ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારને

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા ડ્રાઈવરો સામે પગલાં લેવા માટે, પોલીસ અગાઉ ચાર રસ્તા પર સીસીટીવી કેમેરા અને વાહનોની તપાસ કરતી હતી અને મેમો જારી કરતી હતી, પરંતુ હવે અમદાવાદ ટ્રાફિક પોલીસે કૃત્રિમ ટેક્નોલોજીથી સજ્જ ડેશ કેમેરાની મદદથી મેમો આપવાનું શરૂ કર્યું છે.

આ કેમેરા હેલ્મેટ વગરના ડ્રાઈવરો, ટ્રિપલ રાઈડર્સ અને રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ કરનારાઓને ટ્રેક કરશે અને ફોટા આપોઆપ ક્લિક કરશે. જેના આધારે મેમો તૈયાર કરીને મોકલવામાં આવશે. અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે પોલીસ માત્ર ઈ-મેમો જ નહીં પરંતુ વાહનોનું ચેકિંગ કરતી વખતે મેમો પણ જારી કરે છે અને સીસીટીવી કેમેરા દ્વારા કાર્યવાહી કરે છે. ત્યારે શહેરમાં પ્રથમ વખત અમદાવાદ ટ્રાફિક પોલીસે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેશ કેમેરાની મદદથી ઈ-મેમો આપવાનું શરૂ કર્યું છે.

પોલીસ કમિશનર જી.એસ. મલિકે ડેશ કેમેરાથી સજ્જ ઈન્ટરસિટી વાહનને લીલી ઝંડી આપી હતી. આ એઆઈ આધારિત કેમેરો જ્યારે કાર રસ્તા પર આગળ વધી રહી હોય ત્યારે રેકોર્ડિંગ મોડમાં રહેશે અને તે ટ્રિપલ રાઈડિંગ, હેલ્મેટ વગરના ટુ-વ્હીલર સવારો અને રોંગ સાઈડમાં વાહન ચલાવતા વાહનોને ટ્રેક કરીને ફોટા ક્લિક કરશે. ડેશ કેમેરાથી ક્લિક કરાયેલા ચિત્રો અને રેકોર્ડિંગ્સ ક્લાઉડ સર્વર પર જશે અને ત્યાંથી ફ્રેંઝ સર્વર પર જશે. બાદમાં ટ્રાફિક સીસીટીવી કંટ્રોલ રૂમમાં વેરિફિકેશન કર્યા બાદ વન નેશન વન ચલણ હેઠળ ડ્રાઈવરને ઈ-મેમો મોકલવામાં આવશે.

આ માટે એસએમએસ દ્વારા પણ માહિતી મોકલવામાં આવશે. પોલીસે તેને પ્રાયોગિક ધોરણે એસજી હાઈવે-૧ અને એસજી હાઈવે-૨ ટ્રાફિક પોલીસમાં લગાવ્યો હતો. જેમાં ઘણી સફળતા મળી હતી. આગામી સમયમાં આ કેમેરામાં સેન્સર ઉમેરવામાં આવશે જેથી નો પાર્કિંગ અને ઓવર સ્પીડિંગ જેવા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન પર નજર રાખી શકાય.



### ગુજરાતમાં ઠંડીની તીવ્રતા દિવસેને દિવસે વધી રહી છે

# ગુજરાતમાં ઠંડા પવનો ફૂંકાયા I આગામી ૭ દિવસ સુધી હવામાનમાં કોઈ મોટા ફેરફારની કોઈ શક્યતા નથી

## રાજ્યના ૧૭ શહેરોમાં તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે ગગડી ગયું છે

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ I

ગુજરાતમાં ઠંડીની તીવ્રતા દિવસેને દિવસે વધી રહી છે. રાજ્યના ૧૭ શહેરોમાં તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે ગગડી ગયું છે. આ ઉપરાંત રાજ્યમાં ઠંડા પવનો પણ ફૂંકાઈ રહ્યા છે જેના કારણે ઠંડીનું પ્રમાણ વધુ વધ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૭ દિવસ સુધી હવામાનમાં કોઈ મોટા ફેરફારની કોઈ શક્યતા નથી. પરંતુ તાપમાનમાં સામાન્ય ઘટાડો થઈ શકે છે. વિભાગનું કહેવું છે કે ઉત્તર ભારતમાં થતી હિમવર્ષાની અસર ગુજરાતના હવામાન પર પણ પડી રહી છે. હાડ ધ્રુજાવતી ઠંડીનો હવે ગુજરાતીઓને સામનો કરવો પડી શકે તેમ છે.



તાજેતરમાં, હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્ર દ્વારા નજીકના ભવિષ્યમાં થઈ રહેલા ફેરફારો વિશે માહિતી આપવામાં આવી છે. અમદાવાદ હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે તેમની આગાહીમાં જણાવ્યું હતું કે આગામી ૭ દિવસ સુધી હવામાનમાં મોટા ફેરફારની કોઈ શક્યતા નથી. રાજ્યના તાપમાનમાં ૨-૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે, આવી સ્થિતિમાં રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં સામાન્ય વધારો થઈ શકે છે. શનિવારે ગુજરાતના નલિયામાં સૌથી ઓછું તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ સાથે અમદાવાદ અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી શકે છે.

હવામાન વિભાગે જણાવ્યું કે ગુજરાતમાં ઉત્તર-પશ્ચિમ અને ઉત્તરીય પવનો આવી રહ્યા છે, ઉત્તરીય પવનો ફૂંકાશે જેના કારણે તાપમાનમાં ઘટાડો થવાની આશંકા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં આવતા પવનો ઉત્તરથી રાજસ્થાન થઈને આવશે જેના કારણે ઠંડી સામાન્ય થઈ શકે છે. આથી બે દિવસ બાદ તાપમાનમાં નજીવો વધારો થઈ શકે છે પરંતુ કોઈ મોટા ફેરફારની કોઈ શક્યતા નથી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર માઉન્ટ આબુમાં સોમવારે લઘુત્તમ તાપમાનનો પારો ૦.૨ ડિગ્રીથી ગગડી ૪.૨ ડિગ્રી પર પહોંચ્યો છે. ગુજરાતમાં નલિયામાં ૯, ડીસામાં ૧૧.૫, અમદાવાદમાં ૧૩., ગાંધીનગરમાં ૧૪, કેશોદમાં ૧૪.૮, વલ્લભવિદ્યાનગરમાં ૧૫, રાજકોટમાં ૧૫, મહુવામાં ૧૫.૧, વડોદરામાં ૧૫.૨ ડિગ્રી નોંધાયું હતું. , પોરબંદરમાં ૧૫.૪, સુરતમાં ૧૫.૮, ભુજમાં લઘુત્તમ તાપમાન ૧૬.૨, સુરેન્દ્રનગરમાં ૧૬.૮, ભાવનગરમાં ૧૭, કંડલા પોર્ટમાં ૧૭.૭, વેરાવળમાં ૧૯.૧, દ્વારકામાં ૧૯.૨, ઓખામાં ૨૨.૭ ડિગ્રી નોંધાયું હતું. ગુજરાતમાં ઠંડીની તીવ્રતા દિવસેને દિવસે વધી રહી છે. રાજ્યના ૧૭ શહેરોમાં તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે ગગડી ગયું છે.

### ૨૧ જિલ્લાઓ તથા ૬ કોર્પોરેશનમાં ચલાવવામાં આવશે

# તા. ૧૨ થી ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન 'રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ' યોજાશે

I ગાંધીનગર, તા.૧૧ I

રક્તપિત્ત રોગના કારણે સામાન્ય રીતે પીડિત લોકોને સામાજિક ભેદભાવનો સામનો કરવો પડે છે. નાગરિકોમાં રક્તપિત્ત રોગ અંગે વધુ જાગૃતિ આવે અને તેની વિનામૂલ્યે સારવાર મળી રહે તે માટે ગુજરાતમાં 'રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ' અમલમાં મૂકાયો છે. આવી સ્થિતિમાં રોગ વિશે જાગૃતિ વધારવા તથા રક્તપિત્ત નિર્મૂલન કરવાના ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા તા.૧૨ ડિસેમ્બરથી ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી 'રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ' ૨૧ જિલ્લાઓ તથા ૬ કોર્પોરેશનમાં ચલાવવામાં આવશે તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.વધુમાં જણાવ્યાનુસાર, રાજ્યના ૨૧ લો એન્ડેમીક જિલ્લાઓ કે જેમાં અમદાવાદ, અમરેલી, અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, ખેડા, મહેસાણા, મહિસાગર, મોરબી, પાટણ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર ઉપરાંત ૬ કોર્પોરેશન અમદાવાદ, ગાંધીનગર, જામનગર, ભાવનગર, રાજકોટ અને જૂનાગઢમાં આ અભિયાન ચલાવવામાં આવશે. જે અંતર્ગત છેલ્લા ૫ વર્ષમાં સૌથી વધુ રક્તપિત્તના કેસ નોંધાયા હોય તેવા વિસ્તારમાં તપાસણી કરવામાં આવશે.આ જિલ્લાઓના નિયત કરેલા ૧૬૪ તાલુકાઓમાં લેપ્રસી ડિટેકશન કેમ્પેઈન ચલાવવામાં આવશે. આ કેમ્પેઈનમાં આશા અને પુરુષ વોલેન્ટીયર્સની ટીમ દ્વારા તા.૧૨ ડિસેમ્બરથી ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન ઘરે ઘરે જઈને રકતપિત્ત અંગે નાગરિકોને સમજ આપશે. ઘરના તમામ સભ્યોની રક્તપિત્ત અંગે તપાસણી કરવામાં આવશે. જે વ્યક્તિને રક્તપિત્તના શંકાસ્પદ ચિહ્નો જણાય તેને નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ પર નિદાન અને સારવાર માટે મોકલી આપવામાં આવશે રક્તપિત્ત રોગના કારણે સામાન્ય રીતે પીડિત લોકોને સામાજિક ભેદભાવનો સામનો કરવો પડે છે. નાગરિકોમાં રક્તપિત્ત રોગ અંગે વધુ જાગૃતિ આવે અને તેની વિનામૂલ્યે સારવાર મળી રહે તે માટે ગુજરાતમાં 'રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ' અમલમાં મૂકાયો છે.૨૧ જિલ્લાઓ તથા ૬ કોર્પોરેશનમાં ચલાવવામાં આવશે તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

### અમદાવાદમાં બન્ટી બબલીએ અનેક લોકોને ચૂનો લગાવ્યો, ફરિયાદ નોંધાઇ

I માહિતી બ્યુરો, અમદાવાદ, તા.૧૧ I

અમદાવાદના ઈઓડબ્લ્યુ પોલીસ મથકમાં રોકાણકારોએ પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે પંજાબથી પતિ પત્નીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદમાં રહેતા સૌરીન પટેલ અને તેમના પત્ની અક્ષીતા પટેલ દ્વારા વર્ષ ૨૦૨૧ માં એન્જલ ફિન્ટેક પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની શરૂ કરી હતી. જે બાદ તેઓએ અલગ અલગ લોકોનો સંપર્ક કરી તેમને દુબઈમાં ધંધામાં રોકાણ કરવાનું કહી ઊંચું વળતર આપવાની લોભામણી લાલચ આપી હતી. જેથી ઘણા બધા લોકોએ પોતાની મૂડી આ બંટી બબલીની લાલચમાં આવી અને રોકાણ કરી હતી. જોકે શરૂઆતમાં આ પતિ પત્ની રોકાણકારોને યોગ્ય વળતર આપતા હતા, જે બાદ રોકાણકારોને વળતર આપવાનું બંધ કરી દેતા તેઓની સાથે છેતરપિંડી થઈ હોવાનું ખ્યાલ આવ્યો હતો અને રોકાણકારોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસ દ્વારા સમગ્ર મામલે ફરિયાદ નોંધી સૌરિન પટેલ અને અક્ષીતા પટેલની પંજાબથી ધરપકડ કરી છે. આ બંને વિરુદ્ધ ૧૫ જેટલા ફરિયાદીઓએ ફરિયાદ નોંધાવી અને ત્રણ કરોડ પચાસ લાખથી વધુની રકમની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાવી છે.પોલીસ દ્વારા પ્રાથમિક તપાસ અને બંટી બબલીની પૂછપરછમાં સામે આવ્યું કે આ બંટી બબલી લોકોનો સંપર્ક કરી તેમનું આધારકાર્ડ અને પાનકાર્ડ માંગતા હતા.







## તંત્રી લેખ...

# હોસ્પિટલો બિમાર છે

દેશના ઉત્તરપ્રદેશ સહિત વિવિધ રાજ્યોમાં આવેલી સરકારી હોસ્પિટલમાં પુરતી સુવિધા હજુ પણ દેખાઇ રહી નથી. પુરતી સુવિધા ન હોવાના કારણે સામાન્ય લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે. હજુ કેટલાક વિસ્તારમાં સ્થિતીને સુધારી દેવાની જરૂર છે. હોસ્પિટલોમાં કોરોના કાળ બાદ બોધપાઠ લઈને સુવિધા વધારી દેવાઈ છે. દર્દીઓની હાલત વધુને વધુ ખરાબ થઇ રહી છે. હોસ્પિટમાં એસી કામ કરતા નથી. સાથે સાથે ઓપરેશન માટે જરૂરી સાધનો પણ નથી. જો કે તબીબો કહે છે કે તમામ બાબતો પુરતી છે અને કોઈ તકલીફ નથી. સંબંધિત હોસ્પિટલના અધિકારીઓની લાપરવાહી દેખાઇ આવે છે. સંબંધિત સરકારી પ્રધાનો પણ ઉદાસીનતા દર્શાવે છે. તબીબોનમે કોઇ પડી નથી. આ પ્રકારની સ્થિતી દેશની કોઈ એક હોસ્પિટલમાં નહીં બલ્કે દેશના અન્ય ભાગોમાં કેટલીક સરકારી હોસ્પિટલમાં પણ આવી જ સ્થિતી રહેલી છે. શરમજનક સ્થિતી હોવા છતાં આ દિશામાં ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. જ્યારે હોબાળો થાય છે અને કેટલાક દર્દીઓના મોત થઈ જાય છે ત્યારે સમિતીની રચના કરી દેવામાં આવે છે. વળતરની ચુકવણી કરી દેવામાં આવે છે પરંતુ મુળ તકલીફનો નિકાલ કરવામાં આવતો નથી. હવે કાનપુરની હોસ્પિટલની બાબત સપાટી પર આવ્યા બાદ હોબાળો મચેલો છે. પરંતુ દેશની અનેક હોસ્પિટલમાં આવી જ સ્થિતી રહેલી છે. દર્દીઓને રામ ભરોસે મુકી દેવામાં આવ્યા છે. તબીબો પણ ભારે બેદરકારી દાખવી રહ્યા છે. સૌથી વધારે નુકસાન સરકારી હોસ્પિટલમાં પૈસાના અભાવે સારવાર માટે પહોંચતા ગરીબ દર્દીઓને અને તેમના સગા સંબંધીઓને થાય છે. એકબાજુ સારવાર પુરતી નહીં મળવાના કારણે દર્દીઓના મોત પણ થઈ જાય છે, બીજી બાજુ સગા સંબંધીને દર્દીના કારણે વ્યાપક હેરાનગતિનો સામનો કરવો પડે છે. આ પ્રકારની સ્થિતી મોટા ભાગે સરકારી હોસ્પિટલમાં હોવાથી સામાન્ય લોકો પણ ખાનગી હોસ્પિટલમાં જ સારવાર લેવાનુ પસંદ કરે છે. કેટલીક હોસ્પિટલમાં લાઇફ સપોર્ટ સિસ્ટમ યોગ્ય રીતે કામ કરી રહ્યા નથી. કેટલીક હોસ્પિટલમાં એસી પ્લાન્ટ ફેલ થઇ જાય છે જેથી તાપમાનમાં વધારો થઈ જાય છે. કેટલાક હાસ્યાસ્પદ પ્રશ્નો પણ સપાટી પર આવી રહ્યા છે. લાઈફ સપોર્ટ સિસ્ટમ બંધ થઈ જવાના કારણે બેહાન હાલતમાં રહેલા દર્દી ગરમીમાં મૃત્યુ પામે છે. તબીબો આ મામલે પોતાની રીતે બચાવ કરતા નજરે પડે છે. મોતના કારણે તબીબો બીજા આપીને ગરીબ પ્રજા સાથે ચેડા કરતા પણ નજરે પડે છે. કેટલાક નિષ્ણાંતો તો અહીં સુધી કહે છે કે મોટા ભાગની હોસ્પિટલ બિમાર સ્થિતીમાં છે. સાથે સાથે તબીબ લાચાર છે. જવાબદાર અધિકારીઓ, હોસ્પિટલના સત્તાવાળાઓ અને અન્યો સાથે તરત જ કઠોર કાર્યવાહી થવી જોઈએ. સાથે સાથે હોસ્પિટલામાં વહેલી તકે તમામ પ્રકારની જરૂરી દવા અને સુવિધા પર ધ્યાન આપવુ જોઈએ. સરકારોને મોટા વચન આપવાના બદલે તમામ જગ્યાએ પુરતી સુવિધા છે કે કેમ તેની ખાતરી કરવી જોઈએ. કોઈ પણ મામલો એકબીજા પર ઢોળી દઈને સમસ્યાનો નિકાલ લાવી શકાશે નહી. આ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જવાબદાર અધિકારીઓ સામે પણ કઠોર કાર્યવાહી સંબંધિત સરકારો કરે તે જરૂરી છે.

# ચીનમાં ડઝનથી વધુ મોટાં શહેરોના આક્રોશિત લોકો સડકો પર ઉતરી આવ્યા



લોકતાંત્રિક અને માનવ અધિકારોના દમનના અંતહીન સિલસિલો ચલાવતા સામ્યવાદી દેશ ચીનમાં ડઝનથી વધુ મોટાં શહેરોના આક્રોશિત લોકો સડકો પર ઉતરી આવ્યા છે. આ વિરોધનું તાત્કાલિક કારણ કોવિડ વિરુદ્ધ ઝીરો પોલિસીને કારણે લગાવેલા સખત પ્રતિબંધ છે. બેજિંગથી શરૂ થયેલા આ પ્રદર્શન દેશના લગભગ તેર શહેરોમાં ફેલાયાં છે. પોલીસ લાઠીચાર્જ, મરચાં સ્પ્રે તથા ધરપકડથી માંડીને દમનની દરેક રીત અપનાવી રહી છે. પરંતુ વિરોધનો દાયરો સતત વધતો જ જાય છે. ત્યાં સુધી કે લોકો ત્રીજા કાર્યકાળ તરફ વધી રહેલા જિનપિંગના રાજીનામા તથા લોકતાંત્રિક આઝાદીની માંગ કરી રહ્યા છે. પ્રતીકાત્મક વિરોધ રૂપે સફેદ કાગળ લહેરાવતા લોકો સડકો પર દેખાઈ રહ્યા છે. તેઓ અભિવ્યક્તિ અને પ્રેસની આઝાદીની પણ માંગ કરી રહ્યા છે. ત્યાં સુધી કે કેટલીય યુનિવર્સિટીઓના છાત્રો પણ સડકો પર ઉતરી આવ્યા છે. છાત્રોની સક્રિયતાથી ૧૯૮૯માં તિયાનમેન ચોક પર છાત્ર આંદોલનને ક્રૂરતાથી કચડવાની યાદો ફરી તાજી થઈ ગઈ છે.

કમ્યુનિસ્ટ સરકાર આ આંદોલનથી ડઘાઈ ગઈ છે અને તેને સખ્તાઈથી કચડી નાખવા માંગે છે. ત્યાં સુધી કે આંદોલનને કવર કરવા ગયેલા એક વિદેશી મીડિયાકર્મીની ધરપકડ કરવામાં આવી અને તેને છોડતાં પહેલાં માર મારવામાં આવ્યો. છતાં પણ ફ્રીડમ ઓફ પ્રેસ, ફ્રીડમ ઓફ એક્સપ્રેશન અને ફ્રીડમ ઓફ મૂવમેન્ટ જેવી માંગ કરી રહેલા લોકો સરકાર વિરોધી પ્રદર્શનોમાં ભાગ લઈ રહ્યા છે. અસલમાં ગત દિવસોમાં ચીનમાં કોવિડના કેસોમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. ગત રવિવારે ચાલીસ હજાર નવા કેસો નોંધાયા. ત્યાં જ એક્ટિવ કેસોની સંખ્યા લાખોમાં પહોંચી ગઈ છે. તેને કારણે ચીની સરકાર કડક કોવિડ પ્રતિબંધોના ક્રમમાં લોકડાઉન લગાવી દીધું છે. લાંબા અરસાથી લાગેલા પ્રતિબંધોથી લોકો કંટાળી ગયા છે. તેમની આજીવિકા પર અસર પડી છે અને ખાવા-પીવાની ચીજો ખૂટી પડી છે. કરોડો લોકો બંધકો જેવું જીવન જીવી રહ્યા છે.

અસલમાં કમ્યુનિસ્ટ સરકારની દરેક ક્ષેત્રમાં ચાલતી સખ્તાઈ વચ્ચે ગુસ્સાની આગને એ સમયે હવા મળી, જ્યારે શિંજિયાંગ પ્રાંતમાં એક ૨૧ માળની બિલ્ડીંગમાં આગ લાગી. તેના ૧૫મા માળે ફસાયેલા લોકો કોવિડના કડક પ્રતિબંધોને કારણે બચી ન શક્યા. આ માળ પર દસ લોકોના મોતનું કારણ લોકોએ કોવિડના કડક પ્રતિબંધો માન્યા. ત્યારબાદ બેજિંગ અને અન્ય શહેરોમાં લોકો સડકો પર ઉતરીને પ્રદર્શન કરવા લાગ્યા. લોકો અધિકારીઓની લાપરવાહીને દુર્ઘટનાનું કારણ ગણાવી રહ્યા છે. જેના વિરોધમાં આખા દેશમાં ગુસ્સો છે.

અસલમાં ચીન સરકારની ઝીરો કોવિડ નીતિ દુનિયાની સૌથી કડક નીતિઓમાંની એક છે. એ જ કારણ છે કે ચીનનાં મોટા શહેરોની સડકો પર ક્ષુબ્ધ લોકો જિનપિંગ ગાદી છોડો, કમ્યુનિસ્ટ પાર્ટી ગાદી છોડો, શિંજિયાંગને અનલોક કરો, ચીનને અનલોક કરો, પીસીઆર ટેસ્ટ ન જોઈએ, પ્રેસની આઝાદીને લઈને સતત નારા લગાવી રહ્યા છે. પ્રદર્શનકારી દમનથી બચવા માટે માત્ર કોરા સફેદ કાગળ લઈને વિરોધ કરી રહ્યા છે. તેઓ કહે છે અમારે લોકતંત્ર જોઈએ છે, તાનાશાહી નહીં. તેમને આ ઘટનાક્રમમાં ચીની મીડિયાની ખામોશી કઠી રહી છે કે કેમ તેમના આંદોલનના સમાચારોને પ્રાથમિકતા નથી અપાતી. જ્યારે ચીની સરકારી મીડિયા પશ્ચિમી મીડિયા પર આંદોલનને હવા આપવાનો આરોપ લગાવી રહ્યું છે. કેટલીય જગ્યાએ પોલીસ આંદોલનકારીઓની ધરપકડ કરીને લઈ જતી દેખાઈ. ચીન સરકારની ચિંતા છે કે આ સંકટથી તેની અર્થવ્યવસ્થા ચોપટ થઈ રહી છે. આંતરરાષ્ટ્રીય એજન્સીઓ આ વર્ષે જીડીપીમાં ઘટાડાના આંકડા દર્શાવી રહી છે.



**સરકારી મદદ મેળવનારમાં એનજીઓ, ખાનગી હોસ્પિટલ હદમાં**

**સરકારી મદદ મેળવી રહેલા એનજીઓ અને ખાનગી હોસ્પિટલો પણ હદમાં આવી ગયા છે લોકોને તેમના દ્વારા ચૂંટી કાઢવામાં આવેલી સરકારના દરેક કામનો હિસાબ મળે તે ખુબ જરૂરી છે જો કે સરકારનુ ચારિત્ર્ય જ એવુ હોય છે કે કેટલાક કામોને સરકારને છુપાવવા માટેની ફરજ પડે છે**

# આરટીઆઇનુ કદ સતત વધી રહ્યુ છે

**તમામ લોકો સુધી તમામ પ્રકારની માહિતી પહોંચે તે લોકશાહી માટે જરૂરી છે : હવે પ્રજાને તમામ બાબતો વધારે સ્પષ્ટપણે દેખાશે**

આરટીઆઇ એટલે કે સુચના અધિકાર. લોકશાહી માટે જરૂરી બાબત એ છેકે પ્રજા સુધી તમામ પ્રકારની બાબતો સરળ રીતે પહોંચે. સરકારી કામકાજમાં પારદર્શિતા આવે તે જરૂરી છે. મજબુત લોકશાહીમાં સરકારના તમામ કામ લોકો સુધી પહોંચે તે જરૂરી છે. હાલના વર્ષોમાં સરકાર દ્વારા આને લઈને વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. આરટીઆઈનુ કદ વધી રહ્યુ છે. જેના કારણે તમામ બાબતો વધારે સાફ રીતે દેખાનાર છે. કેટલાક નવા નિર્ણય કરવામાં આવી રહ્યા છે. જે સંકેત આપે છે કે હવે લોકોને વધારે રાહત થનાર છે.

સરકારી મદદ મેળવી રહેલા એનજીઓ અને ખાનગી હોસ્ટિપલો પણ હદમાં આવી ગયા છે. લોકોને તેમના દ્વારા ચૂંટી કાઢવામાં આવેલી સરકારના દરેક કામનો હિસાબ મળે તે ખુબ જરૂરી છે. જો કે સરકારનુ ચારિત્ર્ય જ એવુ હોય છે કે કેટલાક કામોને સરકારને છુપાવવા માટેની ફરજ પડે છે. તમામ બાબતો એવી હોતી નથી જેવી બાબતોને સંસ્થાઓ જાહેર કરવા માટે ઈચ્છુક હોય છે. આજે સ્થિતી એ છે કે સરકારી સંસ્થાઓ પણ માહિતીને વધારે છુપાવવા માટે પ્રયાસ કરે છે. બિન સરકારી સંસ્થાઓની પાસે તર્ક એ હોય છે કે તે પૃથક કમ છે. સુપ્રીમ કોર્ટે હાલમાં જ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. જેમાં



સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ હતુ કે સરકાર પાસેથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહાયતા મેળવવનાર તમામ એનજીઓ અને ખાનગી હોસ્પિટલો તેમજ સ્કુલો પણ આરટીઆઈની હદમાં આવી જશે. લોકોને આ બાબતની માહિતી તો મળવી જ જોઈએ કે તેમના પૈસાનો કઈ રીતે અને ક્યાં ઉપયોગ કરવામા આવી રહ્યો છે. જો કે આને લાગુ કરવાની બાબત ચોક્કસપણે એક મોટા પડકાર તરીકે છે. ચુકાદામાં કહેવામાં આવ્યુ છે કે આરટીઆઈ કાનુન હેઠળ બિન સરકારી સંસ્થાઓ અને સંગઠનો આવે છે. આ કાનુન હેઠળ એવા સંગઠનો અને સંસ્થાઓ આવે છે જેને સરકારની પાસેથી કોઈ પણ રીતે સહાય મળે છે. મોટી આર્થિક સહાયનો અર્થ ૫૦ ટકા સાથે નથી. તેમાં કોઈ નિયમ નક્કી કરવામા આવ્યા નથી. હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓને મફત અથવા તો રાહત પર જમીન આપવામાં આવે છે. આરટીઆઈની હદમાં આવનાર સંસ્થાઓ પબ્લિક ઓથોરિટી તરીકે ગણાશે. ચુકાદામાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે એનજીઓ અને અન્ય સંસ્થાઓને મદદની રૂપરેખા દરેક હિસાબના તથ્યોના આધાર પર આધારિત રહેશે. સુપ્રીમ કોર્ટે મોટી આર્થિક મદદ અંગે સ્પષ્ટતા કરતા કહ્યુ છે કે કોઈ એનજીઓની મુડી ૧૦૦૦૦ રૂપિયા છે અને તેને ૫૦૦૦ રૂપિા માટેની ગ્રાન્ટ મળે છે તો તેને મોટી સરકારી મદદ તરીકે ગણવામાં આવશે નહી. પરંતુ જો કોઈ સંસ્થા અને એનજીઓ કરોડોની ગ્રાન્ટ મેળવે છે તો તેઓ ૫૦ ટકા કરતા ઓછી પણ હોય તો તેને મોટી આર્થિક મદદ તરીકે ગણાશે. સુધારા બિલમાં કેટલીક બાબતોને વધારે સ્પષ્ટ કરવામાં આવે છે.

સુધારા બિલ હેઠળ હવે કેન્દ્રિય અને રાજ્ય સુચના કમીશનરોની સેવા શરતો હવે કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવનાર છે.સાથે સાથે સુના કમીશનરોને આપવામાં આવેલા સુપ્રીમ કોર્ટના જજ બરોબરના દરજ્જાને ખતમ કરી દેવામાં આવનાર છે. આરટીઆઈમાં ૯૦ ટકા મામલમાં સરકાર પાસેથી સુચના લઈને લોકોને આપવામાં આવે છે. સુધારવામાં આવેલા કાનુન બાદ સરકારોને કમીશનરોની સેવા શરતો નક્કી કરવા માટેની જવાબદારી સોંપવામાં આવી છે. આવી સ્થિતીમાં સ્વતંત્રતામાં કમી આવનાર છે. કેન્દ્રિય સુચના આોગ આવી વ્યવસ્થા આપે છે. જો કે સંસ્થાઓનુ વલણૅ લટકાવી દેવા માટેનુ રહેલુ છે. આ સંસ્થાઓ સામાન્ય રીતે કોર્ટમાંથી સ્ટે લઈને આવી જાય છે. સુધારા બિલને લઈને સામાન્ય લોકોમાં ભારે ચર્ચા છે. આના કારણે તમામ બાબતોને વધુ પારદર્શી રીતે લોકો જોઈ શકે છે.

સરકારના કામકાજના હિસાબો લોકોને મળતા રહેશે. આવી સ્થિતીમાં સરકારને પણ લોકો પ્રત્યે તેમની જવાબદારીને વધારે સરળ રીતે અદા કરવાની જરૂર છે.



**મિથેન ગેસ લિકેજના કારણે ગ્રીન હાઉસ ગેસમાં વધારો થયો છે**


**જળવાયુ પરિવર્તનને લઇને દુનિયાના દેશો હેરાન છે તેની પ્રતિકુળ અસર હાલના વર્ષોમાં જોવા મળી રહી છે જેના કારણે પુર, વધારે વરસાદ, ઓછા વરસાદ, કમૌસમી વરસાદ જોવા મળે છે કોઇ પણ સમય એકાએક વરસાદ અને કુદરતી હોનારત આના કારણે વધી રહી છે**

# મિથેન ગેસનુ પ્રમાણ સતત વધ્યુ છે

**જળવાયુ પરિવર્તનને રોકવા માટે વિશ્વના દેશો લાગેલા છે પરંતુ વધુ નક્કર પગલાની જરૂર દેખાઇ રહી હોવાનો તમામનો મત છે**

હાલના સમયમાં મિથેન ગેસનુ પ્રમાણ સતત વધી રહ્યુ છે. મિથેન ગેસ લિકેજના કારણે જ ગ્રીન હાઉસ ગેસમાં વધારો થઈ રહ્યો છે.અમેરિકામાં મિથેન ગેસ લિકેજને ગ્રીન હાઉસ ગેસ વધવા માટેના મુખ્ય કારણ તરીકે જોવામાં આવે છે. જળવાયુ પરિવર્તનને રોકવા માટે વિશ્વના દેશો હાલના સમયમાં મથામણ કરી રહ્યા છે. બીજી બાજ જળવાયુ પરિવર્તનને રોકવા માટેની આડમાં ટ્રમ્પ વહીવટીતંત્ર ફરી એકવાર ઓબામા વહીવટી તંત્રના સમય પર બનેલા પર્યાવરણ સંબંધી નિયમોમાં ફેરફાર કરવા માટે વિચારણા કરે છે. હાલમાં જ ટ્રમ્પની સહયોગી વહીવટી પર્યાવરણ સંરક્ષણ સંસ્થા (ઈપીએ) દ્વારા મિથેન ગેસના ખોદકામ સમય થનાર લિકેજ અને રિપેર કામ સંબંધી નિયમોમા ફેરફાર કરવા માટે પ્રસ્તાવ મુક્યો હતો.

ઈપીએ દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે નિયમોમાં સુધારા કરીને ૨૦૨૫ વચ્ચેના ગાળામા ૩.૯ કોડ રૂપિયાની વાર્ષિક બચત કરી શકાય છે. સાથે સાથે આ સુધારા મારફતે મીથેન ગેસના ઉત્પાદનને પણ વધારી શકાય છે. આ સંબંધમાં ઈપીએ તરફથી એવી દલીલ આપવામાં આવી હતી કે તેલ અને ગેસના કુવાના ખોદકામ કરતી વેળા વધારે પ્રમાણમાં મિથેન ગેસ લિક થાય છે. જે કુદરતી ગેસના મુખ્ય ઘટક તરીકે છે. મીથેન લિકેજ અમેરિકાની કુલ ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જન પૈકી ૧૦ ટકાની આસપાસ છે. વાયુ મડળમાં ભળી જવાના શરૂઆતના ૨૦ વર્ષના ગાળામાં આના કારણે કાર્બન ડાયોક્સાઈડ જનિત પ્રવાહની શક્યતા આઠ ગણી વધારે રહે છે. આ ગરમી દર વર્ષે છ લાખ ૪૨ હજાર નવી કારના માર્ગો પર ઉતરવાના કારણે માર્ગ પર ઉતરવાના કારણે થતી ગરમીના બરોબર છે. જે અમેરિકામાં ગ્રીન હાઉસ ગેસના મુખ્ય કારણ તરીકે છે.



ટ્રમ્પ વહીવટીતંત્રે હાલમા વાહનો માટે કઠોર ફ્યુઅલ માપદંડની વાત કરી હતી. નવી વ્યવસ્થા રાજ્યોને સાધનો અને ઉપકરણના સંબંધમાં માપદંડ પોતે તૈયાર કરવા માટે કહ્યુ હતુ.

ગયા વર્ષે આદિવાસી ક્ષેત્રોની જમીનો પર મિથેન ગેસના ઉત્સર્જન રોકવા માટે ઓબામા વહીવટી તંત્રની યોજનાને મોડેથી લાગુ કરવામાં આવી હતી. જાણકાર નિષ્ણાંતો અને ઈપીએનુ કહેવુ છે કે વર્ષ ૨૦૧૮ની સરખામણીમાં વર્ષ ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૫ વચ્ચે મિથેન ગેસ ઉત્સર્જનમાં કુલ ૩૪ લાખ ૪૭ હજાર મેટ્રીક ટનનો વધારો થશે. આ ઓબામા વહીવટી તંત્રના નિયમોને બદલાના પ્રયાસ તરીકે છે. ઓબામાની પર્યાવરણની નીતિઓને બદલી નાંખવા માટેના પ્રયાસ ચાલી રહ્યા છે. ૬.૯ ટકા ગ્રીન હાઉસ ગેસનુ વાર્ષિક ઉત્સર્જન કરનાર ભારત વિશ્વના ચોથા દેશ તરીકે છે. તેમાં ઘટાડો કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ગ્રીન હાઉસ ગેસના મામલે ભારત ૩૩.૩૫ ટકા સુધી ઘટાડો કરીને આગળ વધવા માટે ઈચ્છુક છે. આના માટે ટાર્ગેટ પહેલાથી જ નક્કી કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૨૨ના અંત સુધી સુધી આને ૨૦.૨૫ ટકા સુધી ઘટાડી દેવાની યોજના ધરાવે છે. દર વર્ષે મોટા પ્રમાણમાં ગરમી વાયુમંડળમાં ભળી રહી છે. જેને રોકવા માટે તરત પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે. ભારત સહિતના દુનિયાના દેશો પહેલ કરી રહ્યા છે પરંતુ આ ગતિ હાલમા ખુબ ધીમી છે. જળવાયુ પરિવર્તનને લઈને દુનિયાના દેશો હેરાન છે. તેની પ્રતિકુળ અસર હાલના વર્ષોમાં જોવા મળી રહી છે. જેના કારણે પુર, વધારે વરસાદ, ઓછા વરસાદ, કમૌસમી વરસાદ જોવા મળે છે. કોઈ પણ સમય એકાએક વરસાદ અને કુદરતી હોનારત આના કારણે વધી રહી છે. ભારત અને અમેરિકા સહિતના દેશો આ દિશામાં સતત અભ્યાસ કરી રહ્યા છે. ભારત સહિતના દેશો જળવાયુ પરિવર્તનની આડ અસરને રોકવા માટે બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છે. આમાં સફળતા મળે તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. જો કે આના માટે ગંભીર બનેલા દુનિયાના દેશો હાલના સમયમાં બેઠકોનો દોર યોજી રહ્યા છે અને શક્યત તમામ પગલા લઈ રહ્યા છે.વાયુમંડળમાં ગેસને લઇને અભ્યાસની કામગીરી ચાલી રહી છે.



**બ્રેક અપ થયા બાદ કપલ્સ ભુલ અંગે હમેંશા વિચારતા રહે છે....**

**પ્રાથમિકતા જો કોઇ અન્ય ચીજ તમારા કરતા બની જાય તો તે યોગ્ય સંકેત નથી શુ આપના સાથી પણ આપના કરતા પોતાના કામ અને મિત્રોને વધારે પ્રાથમિકતા આપે છે તો સાવધાન થવાની જરૂર છે**

# સંબંધમાં બ્રેક અપ થવાના લક્ષણ શુ

**પ્રેમમાં પડનાર કપલ્સ ક્યારેય એકબીજાથી અલગ થવા વિચારતા નથી પરંતુ કેટલીક વખત સંબંધ બ્રેક અપ સાથે ખતમ થઇ જાય છે**

આપના સંબંધ બ્રેક અપ તરફ વધી રહ્યા છે તે બાબત કઈ રીતે જાણી શકાય તેને લઈને હમેંશા પ્રશ્નો થતા રહે છે. પાંચ લક્ષણ એવા છે જે સંબંધો બ્રેક અપ થવાના સંકેત આપે છે. બ્રેક અપ થઈ ગયા બાદ કપલ્સ હમેંશા વિચારે છે કે એવી કઈ ભુલ રહી ગઈ છે. રિલેશનશીપની જ્યારે શરૂઆત થાય છે ત્યારે તેને હમેંશા પોઝિટીવ નોટની સાથે શરૂ કરવામાં આવે છે. સ્વાભાવિક છે કે પ્રેમમાં પડનાર કપલ્સ એકબીજાથી અલગ થવા માટે ક્યારેય વિચાર પણ કરતા નથી. પરંતુ કેટલીક વખત સંબંધમાં બ્રેક અપની સ્થિતી સર્જાઈ જાય છે. જેની પિડાથી બહાર આવવાની બાબત હમેંશા ખતરનાક અને પિડાદાયક હોય છે. ક્યારેય પણ કોઈ સંબંધ અચાનક ખતમ થતા નથી. તેના લક્ષણન કેટલાક સમય પહેલા જ દેખાવવા લાગી જાય છે. માત્ર ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. પ્રાથમિકતા જો કોઈ અન્ય ચીજ તમારા કરતા બની જાય તો તે યોગ્ય સંકેત નથી. શુ આપના સાથી પણ આપના કરતા પોતાના કામ અને મિત્રોને વધારે પ્રાથમિકતા આપે છે તો સાવધાન



થવાની જરૂર છે. શુ આ ચીજને પોઈન્ટ આઉટ કરવા પર આપને મેચ્યોર થઈને ચીજો સમજી લેવાની જરૂર છે. જો આ અંગે સંકેત મળી રહ્યા છે તો સમજી જવાની જરૂર છે કે ચીજો બદલાઈ રહી છે. જો કોઈ વ્યક્તિ આપને પ્રેમ કરે છે તો તે કોઈ પણ બાબત ભલે બની જાય પરંતુ તે પ્રાથમિકતામાં હમેંશા રહે છે. કારણ કે આવા લોકો આપને ગુમાવવા ઈચ્છતા નથી. જો આવુ નથી તો સમજી લેવાની જરૂર ચે કે તેમની લાઈફમાં આપનુ જે મહત્વ પહેલા હતુ તે નથી. મળવા માટે સમય નહીં કાઢવાની બાબત પણ ખતરનાક હોય છે. શુ તમને આપની ગર્લફ્રેન્ડ અથવા તો બોયફ્રેન્ડ હમેંશા એમ કહે છે કે તેમને મળવા માટે હવે સમય નથી. તે બીજા કારણસર વ્યસ્ત છે. આનો જવાબ જો હામાં છે તો આપને દિલ મજબુત કરી લેવાની જરૂર છે. જો કોઈ વ્યક્તિ પ્રેમમાં હોવાનો દાવો કરીને પણ મળવા માટે સમય કાઢી શકતા નથી તો એમ કહી શકાય છે કે આ સંબંધમાં કોઈ લગાવ નથી. લેટ જવાબ આપવા અને ઓછી વાત કરવાની બાબત પણ સંકેત સમાન છે. શુ આજકાલ સામાન્ય રીતે આપના મેસેજ કરવામાં આવ્યા બાદ પણ પાર્ટનર કલાકો બાદ જવાબ આપે છે. શુ તમારી વચ્ચે કોલ પર પણ મુશ્કેલથી જ વાત થઈ રહી છે. જો આ પ્રશ્નનો જવાબ હામાં છે તો સાવધાન થવાની જરૂર છે. જો સામેવાળી વ્યક્તિ આપની સાથે વાત કરવામાં અને ફોન કરવા માટે સમય કાઢી રહી નથી તો આ બાબત સ્પષ્ટ છે કે જો તમે તેની સાથે વાત કરતા નથી તો પણ તેને કોઈ અસર થતી નથી. આ બાબત ઘટતા જતા પ્રેમની નિશાની છે. સાથે રહેવાની સ્થિતીમાં પણ મોબાઈલમાં વ્યસ્ત રહેવાના કારણે પણ ખતરનાક સંકેત છે. જો પાર્ટનર સાથે હોવાની સ્થિતીમાં પણ આપની સાથે વાત કરવાના બદલે મોબાઈલ પર રહે તો તે સંબંધને મહત્વ આપતા નથી તે બાબત સમજી શકાય છે. પ્રેમ હોવાની સ્થિતીમાં કપલ એકબીજા સાથે વધુને વધુ વાતચીત કરવાના પ્રયાસ કરે છે. સાથે રહેવાના દેવાની યોજના ધરાવે છે. દર વર્ષે મોટા પ્રમાણમાં ગરમી વાયુમંડળમાં ભળી રહી છે. જેને રોકવા માટે તરત પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. ભારત સહિતના દુનિયાના દેશો પહેલ કરી રહ્યા છે પરંતુ આ ગતિ હાલમા ખુબ ધીમી છે. જળવાયુ પરિવર્તનને લઈને દુનિયાના દેશો હેરાન છે. તેની પ્રતિકુળ અસર હાલના વર્ષોમાં જોવા મળી રહી છે. જેના કારણે પુર, વધારે વરસાદ, ઓછા વરસાદ, કમૌસમી વરસાદ જોવા મળે છે. કોઈ પણ સમય એકાએક વરસાદ અને કુદરતી હોનારત આના કારણે વધી રહી છે. ભારત અને અમેરિકા સહિતના દેશો આ દિશામાં સતત અભ્યાસ કરી રહ્યા છે. ભારત સહિતના દેશો જળવાયુ પરિવર્તનની આડ અસરને રોકવા માટે બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છે. આમાં સફળતા મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. જો કે આના માટે ગંભીર બનેલા દુનિયાના દેશો હાલના સમયમાં બેઠકોનો દોર યોજી રહ્યા છે અને શક્યત તમામ પગલા લઈ રહ્યા છે.વાયુમંડળમાં ગેસને લઈને અભ્યાસની કામગીરી ચાલી રહી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



૮૭,૦૦૦ લોકોને બચાવ્યા

# ફિલિપાઈન્સમાં ફરી ફાટ્યો કાનલોન જ્વાળામુખી

। નેગ્રોસ,તા.૧૧ ।

